# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૯-A તા.૨૯-૯-૧૮

(માન્ય શાળા પરિપત્ર નં.૧)

તમામ શાળાઓ માટે :-

**વિષય :- શહેર કક્ષાનું વિજ્ઞાન-ગણિત- પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૮-૧૯ યોજવા બાબત.**

આથી મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે ચાલુ વર્ષે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદ તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના સંયુક્ત ઉપક્રમે વિજ્ઞાન-ગણિત- પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૮-૧૯ નું સીઆરસી કક્ષાનું વિજ્ઞાન ગણિત પર્યાવરણ પ્રદર્શન પરિપત્ર નં.૫૨-B/તા.૩૦-૮-૧૮ મુજબ યોજવામાં આવેલ. વોર્ડકક્ષાની વિભાગવાર પસંદ થયેલ પ્રથમ શ્રેષ્ઠ કૃતિને શહેરકક્ષાના વિજ્ઞાન-ગણિત- પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૮-૧૯માં રજૂ કરવાની થાય છે. ચાલુ વર્ષે શહેરકક્ષાનું વિજ્ઞાન-ગણિત- પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૮-૧૯ ઈસનપુર પબ્લિક સ્કૂલ નં.૧/૨(ઝરણા પાર્ટી પ્લોટ પાસે,ગેબનશા પીરની દરગાહ પાસે,ઈસનપુર) ખાતે તા.૫ અને ૬ ઓક્ટોબર-૨૦૧૮ દરમ્યાન યોજવામાં આવેલ છે. જે-તે વોર્ડની ૫ વિભાગમાં પસંદ થયેલ શ્રેષ્ઠ એક-એક કૃતિ અંગે સી.આર.સી.કો.ઓર્ડિનેટર દ્વારા સંબંધિત શિક્ષક અને શાળાને જાણ કરવામાં આવેલ છે. પસંદ થયેલ શ્રેષ્ઠ કૃતિઓએ શહેરકક્ષાના આ વિજ્ઞાન-ગણિત- પર્યાવરણ પ્રદર્શનમાં ફરજિયાત ભાગ લેવાનો રહેશે. નીચે મુજબના વિભાગોમાં જે તે કૃતિ ગોઠવવાની રહેશે.

**મુખ્ય વિષય :-** **જીવનના પડકારો અને વૈજ્ઞાનિક ઉપાયો**

**પેટા વિષયો :-**
(૧) **કૃષિ અને સજીવ ખેતી**
(૨) **સ્વાસ્થ્ય અને સ્વચ્છતા**
(૩) **સંસાધન વ્યવસ્થાપન**
(૪) **કચરાનું વ્યવસ્થાપન**
(૫) **(A)પરિવહન અને પ્રત્યાયન (B)ગાણિતીક નમૂના નિર્માણ**

**શહેરકક્ષાનું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૮-૧૯**

તારીખ :- ૫-૧૦-૧૮ થી તા.૬-૧૦-૧૮ સુધી

**કાર્યક્રમ**

| ક્રમ | તારીખ/વાર | આયોજનની વિગત | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૪-૧૦-૧૮/ગુરૂવાર | કૃતિ ગોઠવવાની કામગીરી | સાંજે ૩-૦૦ થી ૫-૦૦ | ઈસનપુર પબ્લિક સ્કૂલ નં.૧/૨ ઝરણા પાર્ટી પ્લોટ પાસે,ગેબનશા પીરની દરગાહ પાસે,ઈસનપુર |
| ૨ | ૫-૧૦-૧૮/શુક્રવાર | ઉદ્દઘાટન સમારંભ | સવારે ૧૧-૦૦ કલાકે | |
| ૩ | ૬-૧૦-૧૮/શનિવાર | સમાપન | સાંજે ૩-૦૦ કલાકે | |

શહેર કક્ષાના વિજ્ઞાન-ગણિત- પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૮-૧૯માં ઉપરોક્ત આયોજન મુજબ કૃતિ લઈ એક શિક્ષક (વિજ્ઞાન શિક્ષક) અને બે વિદ્યાર્થીઓએ પ્રદર્શનના સ્થળે ફરજિયાત ઉપસ્થિત થઈ જવું. વોર્ડના સી.આર.સી.નો સંપર્ક કરી પ્રદર્શન માટે જરૂરી માર્ગદર્શન મેળવવું.

શહેર કક્ષાના વિજ્ઞાન-ગણિત- પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૮-૧૯માં દરેક વોર્ડના સી.આર.સી.એ તેમજ યુ.આર.સી. એ આયોજન પ્રમાણે ઉપસ્થિત રહી સી.આર.સી.કક્ષાએ શ્રેષ્ઠ કૃતિઓ શહેર કક્ષાના પ્રદર્શનમાં પ્રદર્શિત થાય તેમાં સાથ સહકાર આપવો.

સંલગ્ન અધિકારી (ઈ.નાયબ શાસનાધિકારીશ્રી દિનેશભાઈ દેસાઈ) જે કામગીરી સોંપે તે નિષ્ઠાપૂર્વક સમય મર્યાદામાં પૂર્ણ કરવી. વિજ્ઞાન-ગણિત- પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૮-૧૯માં વોર્ડની વિભાગવાર શ્રેષ્ઠ પસંદ થયેલી કૃતિઓ ઉત્કૃષ્ટ દેખાવ કરે તેમજ રાજય / રાષ્ટ્ર કક્ષા માટે પસંદગી પામે તેવી શુભકામના સાથે.

સ્કૂલ બોર્ડની શાળાઓના વધારેમાં વધારે બાળકો, શિક્ષકો આ પ્રદર્શનમાં ભાગ લે અને પ્રદર્શનને સફળ બનાવે તે માટે સૌને શુભકામના.

તા.૫-૧૦-૧૮ અને તા.૬-૧૦-૧૮ના રોજ ધો.૫ થી ૮ના વિદ્યાર્થીઓ વિજ્ઞાન-ગણિત- પર્યાવરણ પ્રદર્શન જોવા આવે તે રીતની વ્યવસ્થા કરવી.

તા.૨૯ -૯-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી